CC NO.910/2023

GJLV020010252023	सत्यमेव जयते	દાખલ તારીખ	૦૧/૦૩/૨૦૨૩
		નોંધ્યા તારીખ	૦૧/૦૩/૨૦૨૩
		ચુકાદા તારીખ	૦૭/૦૪/૨૦૨૬
		સમયગાળો	વર્ષ માસ દિવસ ૩ ૦૧ ૦૫

ક્રિ.કે.નં. ૯૧૦/૨૦૨૩

આંક – ૭૧

મહીસાગર જીલ્લા ના મહે. એડી. ચીફ જયુડી. મેજી. સાહેબ ની કોર્ટમાં, લુણાવાડા.

ફરીયાદી :- શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કં.લી.ના અધિકૃત વ્યકિત,
દિપેનભાઇ દિપકભાઇ દવે, ઉ.વ.૩૩,
રહે.લીલાવતી હોસ્પીટલ સામે,
બીજો માળ મહેતા કોમ્પ્લેક્ષ,
તા.લુણાવાડા, જી.મહીસાગર.

વિરૂધ્ધ

આરોપી :- યશવંતસિંહ ભૈરવસિંહ પુવાર,ઉ.વ.૫૮,
રહે.બાપુ ફળીયું, મુ.પો.ઠાકોરના નાદ્રા,
તા.કડાણા, જી.મહીસાગર.

ગુનો :- નેગોશીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ

ફરિયાદી તરફે વિ.વ.શ્રી ડી.એસ.કાછીયા
આરોપી તરફે વિ.વ.શ્રી એફ.એસ.શેખ

જજમેન્ટ

(૧) ફરીયાદપક્ષની ફરીયાદ હકિકત એવી છે કે, આ કામના ફરીયાદી શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાઇનાન્સ કં.લી. એ પબ્લીક લિમિટેડ કંપની છે. તેની બ્રાન્ચ ઓફિસ લુણાવાડા મુકામે ફરીયાદમાં જણાવેલ સરનામે આવેલ છે અને તેની મુખ્ય રજીસ્ટર્ડ ઓફીસ, તામિલનાડું રાજયના ચેન્નઇ મુકામે આવેલ છે.

(૧.૨) સદર કામના આરોપીને વાહન FORCE TOOFAN-P પર લોનની જરૂરીયાત પડતા તેઓની કંપનીનો સંપર્ક સાધેલો અને આ કામના આરોપી વચ્ચે લોન કમ હાઇપોથીકેશન એગ્રીમેન્ટ થયેલો છે. આ એગ્રીમેન્ટમાં આરોપી તથા તેમના ગેરંટરે જરૂરી સહીઓ કરી આપેલ અને ફરીયાદીને તમામ શરતોનું પાલન કરવાની પાકી ખાત્રી અને બાંહેધરી આપેલ હતી. જેથી ફરીયાદીએ આ કામના આરોપીને તેઓના વાહન FORCE TOOFAN-P જેનો વાહન રજીસ્ટર્ડ નં. GJ-09-Z-6852 પર આ કામના આરોપીને રૂા.૩,૩૦,૦૦૦/-(અંકે રૂપીયા ત્રણ લાખ ત્રીસ હજાર પુરા)ની લોન આપેલી. સદર લોન નિયમિત રીતે હપ્તે-હપ્તે વ્યાજ સહિત પરત ભરપાઇ કરી આપવાનો આ કામના આરોપીએ ફરીયાદીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલો.

(૧.૩) આ કામના આરોપીએ લીધેલ વાહન FORCE TOOFAN-P પર લોનના બાકી નીકળતા લોનના નાણાં ચુકવવા માટે આ કામના ફરીયાદીના અસીલ કંપનીના નામના તેમના ખાતાના યુનીયન બેંક ઓફ ઇન્ડીયા, સંતરામપુર શાખાના તા.૦૭/૦૧/૨૦૨૩ નો ચેક નં.૦૦૪૦૭૬ રૂા.૪૭,૭૧૮/-, તા.૧૨/૦૧/૨૦૨૩ નો ચેક નં.૦૦૪૦૭૭ રૂા.૪૭,૭૧૮/- અને તા.૧૭/૦૧/૨૦૨૩ નો ચેક નં.૦૦૪૦૭૮ રૂા.૪૭,૭૧૮/- એ મુજબના ત્રણ ચેક એમ મળી કુલ રૂા.૧,૪૩,૧૫૪/- ના આપેલા.

(૧.૪) સદર કામે ફરીયાદીએ ચેક નં.૦૦૪૦૭૬ તારીખ : ૦૯/૦૧/૨૦૨૩ ના રોજ એચ.ડી.એફ.સી. બેંક લી.-સી.એમ.એસ. લુણાવાડા શાખામાં કલીયરન્સ માટે રજુ કરતા સદર ચેક '' INSUFFICIENT FUNDS ''ના શેરા સાથે તારીખ : ૧૦/૦૧/૨૦૨૩ ના રોજ વિના સ્વીકારાયે પરત ફરેલો.

તેમજ સદરહુ ચેક નં.૦૦૪૦૭૭ તા.૧૨/૦૧/૨૦૨૩ ના રોજ ફરીયાદીએ એચ.ડી.એફ.સી. બેંક લી.-સી.એમ.એસ. લુણાવાડા શાખામાં કલીયરન્સ માટે રજુ કરતા સદર ચેક ''ACCOUNT FREEZED/BLOCKED''ના શેરા સાથે તારીખ : ૧૩/૦૧/૨૦૨૩ના રોજ વિના સ્વીકારાયે પરત ફરેલો.

સદરહુ ચેક નં.૦૦૪૦૭૮ તારીખ : ૨૧/૦૧/૨૦૨૩ ના રોજ ફરીયાદીએ એચ.ડી.એફ.સી. બેંક લી.-સી.એમ.એસ. લુણાવાડા શાખામાં કલીયરન્સ માટે રજુ કરતા સદર ચેક ''ACCOUNT FREEZED/BLOCKED''ના શેરા સાથે તારીખ : ૨૩/૦૧/૨૦૨૩ના રોજ વિના સ્વીકારાયે પરત ફરેલો અને ચેકમાં લખેલા નાણાં ફરીયાદીને મળેલ નહી.

(૧.૫) આ કામના ફરીયાદીએ જેથી સદરહુ ત્રણ ચેકના કુલ નાણાં રૂા.૧,૪૩,૧૫૪/-(અંકે રૂપીયા એક લાખ તેતાળીસ હજાર એકસો ચોપ્પન) પુરાની માંગણી કરતી નોટીસ આરોપીને તેઓના વકીલશ્રી મારફતે તારીખ : ૦૬/૦૨/૨૦૨૩ ના રોજ રજી. પોસ્ટ એ.ડી.થી મોકલાવેલ. સદરહુ નોટીસ આરોપીને તારીખ : ૦૭/૦૨/૨૦૨૩ ના રોજ બજી ગયેલ છે તેમ છતાં આરોપીએ ફરીયાદીને આ ત્રણ ચેકનાં નાણાં આજદિન સુધી ચુકવી આપેલા નથી અને આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી. આમ, આરોપીએ તેમની લોનના બાકી નાણાં ચુકવવા માટે ફરીયાદીને ત્રણ ચેક

સહી કરી આપી તેમના બેંકના ખાતામાં ચેકમાં જણાવેલ રકમ જેટલું બેલેન્સ નહી રાખી ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઇ આરોપી સામે સખત રીતે કાયદેસરની કાર્યવાહી કરવા તથા ફરીયાદીને ફરીયાદવાળા ત્રણ ચેકના નાણાંનું વ્યાજ વળતરરૂપે અપાવવા અરજ છે.

(૨) સદર કામે ફરીયાદ દાખલ થતા આરોપીને સમન્સ કરતા આરોપી ને સમન્સ ની બજવણી થતા આરોપી તેઓના વકીલ મારફતે કોર્ટ સમક્ષ હાજર થયેલ. આરોપીને કેસ પેપરની નકલો સી.આર.પી.સી. કલમ ૨૦૭ અન્વયે વીના મૂલ્ય પુરી પાડવામાં આવેલ. આરોપીને તેના વિરુદ્ધ ગુનાની સમજ આપી આંક-૨૦ થી પ્લી નોધતા આરોપી એ તેને ગુનો કબુલ ન હોવાનુ જણાવેલ છે. જેથી આરોપી વિરુદ્ધ સદર કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદ પક્ષ તરફથી પોતાના કેસ ના સમર્થનમાં નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવે છે.

(અ) મૌખીક પુરાવો :--

અ.નં.	મૌખીક પુરાવાનું વર્ણન	આંક
૧.	ફરીયાદી દિપેનકુમાર દિપકભાઇ દવેનાઓનું પુરાવાનું સોગંદનામું	૦૪

(બ) દસ્તાવેજી પુરાવાઓ :--

આ કામમાં ફરીયાદીએ નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

અ.નં	દસ્તાવેજી પુરાવાનું વર્ણન	આંક
૧.	આરોપીના લોન ખાતાનું સ્ટેટમેન્ટ	૩૧
૨.	પાવર ઓફ એટર્ની	૩૭
૩.	લેટર ઓફ ઓથોરાઇઝેશન	૩૮
૪.	આરોપીએ આપેલ ચેક નં.૦૦૪૦૭૬	૩૯
૫.	ચેક નં.૦૦૪૦૭૬ પરત ફર્યા બાબતનો રીટર્ન મેમો	૪૦
૬.	આરોપીએ આપેલ ચેક નં.૦૦૪૦૭૭	૪૧
૭.	ચેક નં.૦૦૪૦૭૭ પરત ફર્યા બાબતનો રીટર્ન મેમો	૪૨
૮.	આરોપીએ આપેલ ચેક નં.૦૦૪૦૭૮	૪૩
૯.	ચેક નં.૦૦૪૦૭૮ પરત ફર્યા બાબતનો રીટર્ન મેમો	૪૪
૧૦.	આરોપીને રવાના કરેલ રજીસ્ટર લીગલ નોટીસ	૪૫
૧૧.	આરોપીને ડીમાન્ડ નોટીસ મોકલ્યા બદલની સ્લીપ	૪૬
૧૨.	ટ્રેક કન્સાઇમેન્ટ લેટર	૪૭
૧૩.	પોસ્ટ માસ્તરશ્રી-લુણાવાડાનાઓને આપેલ લેખિત અરજીની રીસીવ કોપી	૬૩
૧૪.	પોસ્ટ માસ્તરશ્રી-લુણાવાડાનાઓને આપેલ લેખિત પ્રમાણપત્ર	૬૪

આ સિવાય બીજા કોઈ દસ્તાવેજી પુરાવાઓ ફરીયાદી તરફે રજુ કરવામાં આવેલ નથી, સદર કામે ફરીયાદી તરફે વધુ કોઈ મૌખિક કે લેખિત પુરાવો રજુ કરવા માંગતા નથી.

(૪) આ કામમાં આરોપી તરફે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

અ.નં	**દસ્તાવેજી પુરાવાનું વર્ણન**	**આંક**
૧.	સી.સી.નં.૨૦૫૬/૨૦૧૯ ની ફરીયાદની નકલ તથા સોગંદનામુ	**૫૩**
૨.	રૂા.૩,૩૦,૦૦૦/– ના ચેકની નકલ	**૫૪**
૩.	ફરીયાદીની પાવર ઓફ એટર્ની	**૫૫**
૪.	વિડ્રો પુરસીસ	**૫૬**

(૫) ત્યારબાદ ક્રી.પ્રો.કો. ની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ લોન લેવા માટે કાગળીયા તેઓએ આપ્યા હતા પરંતુ લોનનું પેમેન્ટ તેઓના ખાતામાં આવેલ નથી કે તેઓને મળેલ નથી. તેઓના ચેકનો દુરુપયોગ થયેલો છે. તેઓને પુરાવા રૂપે દસ્તાવેજો રજૂ કરાવના હોવાનુ જણાવેલ છે.

(૬) સદર કામે ફરીયાદપક્ષ તરફે વિ.વ.શ્રી ડી.એસ.કાછીયા નાઓની રજૂઆત છે કે, સદર કામે તારીખ :૩૧/૦૩/૨૦૧૫ ના રોજ રૂા.૩,૩૦,૦૦૦/– ની વ્યાજ સહિત આપેલ હતી. જે લોનની રકમના અસલ ત્રણ ચેકો આંક–૪૦,આંક-૪૨ અને આંક-૪૪ થી રજૂ કરેલ છે. આ કામના ફરીયાદીએ તેમની લોનની રકમ આરોપીને ન ચુકવી આપતા તેઓએ ત્રણેય

ચેકોની ડિમાન્ડ નોટીસ મોકલાવેલ છે. આંક-૩ ના લીસ્ટથી અસલ દસ્તાવેજો રજૂ કરવામાં આવેલા છે. આ કામે ફરીયાદીની આંક-૪૫ વાળી ડિમાન્ડ નોટીસ, આંક-૪૬ ની વિન્ડો સ્લીપ, આંક-૪૭ ના એકનોલેજમેન્ટ લેટર વાંચતા નોટીસની બજવણી થઇ ગયેલ છે તેવુ જણાય આવે છે. વધુમાં પોસ્ટમાં અરજી કરી પ્રમાણપત્ર મેળવેલ છે જેનાથી નોટીસની બજવણી થઇ ગયેલ હોવાનુ જણાય આવે છે. તેમજ આંક-૨૯ થી લીસ્ટ આરોપીના લોન ખાતાનો ઉતારો આંક-૩૧ થી રજૂ કરવામાં આવેલ છે. વધુમાં તેઓની સોગંદ ઉપરની ફરીયાદ છે કે આ કામના આરોપીએ નોટીસનો કોઇ જવાબ આપેલ નથી કે તેઓના બાકી નાણાં પરત કરેલ નથી. વધુમાં રજુઆત છે કે, આરોપી તરફે આંક-૫૬ થી ક્રિ.કેસ નં. ૨૦૫૬/૨૦૧૯ ના કામની વિડ્રો પુરસીસ રજુ કરવામાં આવેલી છે અને તે અંગે મળેલ રકમ આરોપીના ખાતામાં જમા પણ કરાવવામાં આવેલ છે. પરંતુ આંક-૩૧ થી રજુ કરવામાં આવેલ સ્ટેટમેન્ટ જોતા આરોપીને કુલ ૩,૩૦,૦૦૦/– ની લોન મંજુર કરવામાં આવેલી હતી અને આ રકમ આરોપીએ વ્યાજ સાથે ચુકવવાની હતી આ વ્યાજની રકમ એક લાખ ચુંમાળીસ હજાર બસો અગીયાર રૂપીયા ચુકવવાની હતી તેમાંથી આરોપી ફાયનાન્સ કંપની સાથે સહમત પણ થયા હતા આરોપીએ અગાઉના કેસમાં ચેક આપેલો હતો તે ૩,૩૦,૦૦૦/– નો આપેલો હતો અને આરોપીએ ઉપરોકત કેસમાં આજ નાણાં ચુકવ્યા છે, વ્યાજના નાણાં બાકી રહે છે તેના પેટે ઉપરોકત ત્રણ ચેકો આપેલા છે જે રીટર્ન થયેલ છે આમ ફ.પક્ષ તેમનો કેસ પુરવાર કરેલ છે.આરોપીને કાયદા મુજબની સજા કરવા વિનંતી છે.

(૭) સદર કામે આરોપી તરફે વિ.વ.શ્રી ની રજૂઆત છે કે, આંક-૫૩ વાળી ફરીયાદ તથા હાલની ફરીયાદમાં વાહન નંબર જીજે–૦૯–ઝેડ-૬૮૫૨ ફોર્સ તુફાન છે જે બંનેમાં એક જ છે. તે જ વાહન ઉપર રૂા.૩,૩૦,૦૦૦/–

ની લોન લીધેલ હોય જે આરોપીએ જમા કરાવેલા છે. ફરીયાદમાં ૩,૩૦,૦૦૦/– જણાવેલ છે જે લોનના નાણાં ભરપાઇ થઇ ગયેલ જેના તમામ દસ્તાવેજોને આંક પાડવામાં આવેલ છે જે અદાલતના હુકમથી રજુ થયેલ છે. હાલની ફરીયાદમાં ૩,૩૦,૦૦૦/– ભરાય ગયેલ છે તેનો કોઇ ઉલ્લેખ કરેલો નથી. લોન ભરપાઇ થયેલ છે લોનની કોઇ જ રકમ બાકી નથી. તેઓને ચેકના નંબર પણ યાદ નથી. સદર કામે ત્રણ ચેક આપેલા છે જેમાં રકમ પેલી એબીસીડીમાં અને બીજી એબીસીડીમાં ભરેલ છે. આ કામે વિન્ડો સ્લીપ રજુ કરવામાં આવેલ નથી. લોન કરતા પણ વધુ રકમ ભરેલ છે. આંક-૩૧ વાળા સ્ટેટમેન્ટમાં રૂા.૬૭,૧૦૦/– દર્શાવેલ છે. વધુમા રજૂઆત છે કે, આ કામે આરોપી ના ખાતામાં કોઇ જ રકમ બાકી રહેતી ન હોઇ ફરીયાદીને આપવાની થતી નથી. જેથી આરોપી ને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૮) ઉપરોક્ત રજુઆતોના આધારે સદર કામે કેસ ના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થાય છે.

–::મુદ્દાઓ::--

૧	શું ફરીયાદપક્ષ નિ:શંક પણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ વાહન ખરીદવા માટે ફરીયાદી કંપની પાસેથી નકકી કરેલા વ્યાજે તેમજ નિયત સમયમર્યાદા માટે લોન લીધેલી. જે લોનના વ્યાજ સહિતના નાણાં આ કામના ફરીયાદીએ આરોપી પાસે ઉઘરાણી કરતા આરોપીએ પોતાની બેંકના જુદા જુદા ત્રણ ચેકો લખી સહી કરી ફરીયાદીને આપેલો. જે ચેકો ફરીયાદીએ તેઓની બેંકમાં રજૂ કરતા ચેક નં.૦૦૪૦૭૬ '' INSUFFICIENT FUNDS'' ના શેરા સાથે તેમજ બાકીના બે ચેકો ચેક નં.૦૦૪૦૭૭ તથા ચેક નં.૦૦૪૦૭૮ ''ACCOUNT

	FREEZED/BLOCKED" ના શેરા સાથે પરત ફરેલ હોય. આમ, ફરીયાદીને તેઓના નાણાં આજદીન સુધી આ કામના આરોપીએ પરત નહી ચુકવી આપી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટની કલમ ૧૩૮ મુજબની સજાને પાત્ર ગુનો કરેલ છે?
૨	શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

(૧) હકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત મુદ્દાઓના નિર્ણેયના મારા કારણો નીચે મુજબ છે.

-:: કારણો::-

મુદ્દા નં.-૦૧

(૧૦) નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮, ૧૩૯, ૧૪૨ તથા ૧૧૮ વંચાણે લઇએ તો ફરીયાદીએ કેટલાક ગુનાના આવશ્યક તત્વો તમામ પ્રકારની શંકાઓથી પર પુરવાર કરવા જરૂરી છે.આ તત્વો પુરવાર કરવા સારુ નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ તથા ૧૧૮ મુજબના કાયદેસરના અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવામાં આવેલ છે. આ અનુમાનો મુજબ ચેકની તારીખ અને રકમ ચેકમાં લખ્યા મુજબના હશે તેવુ ફરજીયાત અનુમાન ઉપસ્થિત થાય છે. કલમ-૧૩૯ મુજબ દરેક ચેક કાયદેસરના અવેજ બદલ લખવામાં આવેલ હતા તેવુ પણ અનુમાન છે. આ અનુમાનોથી વિરૂધ્ધની હકીકતો પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. તે જ પ્રમાણે જનરલ ક્લોઝીસ એક્ટની કલમ-૨૭ મુજબ સાચા સરનામે મોકલવામાં આવેલ ટપાલ જે વ્યક્તિને મોકલવામાં આવેલ

છે તેને મળી ગયેલ છે. તેવુ પણ કાયદામા અનુમાન છે. આ અનુમાનથી વિરૂધ્ધની હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપીની છે. આ જવાબદારી કેવી રીતે અદા કરી શકાય તેની વિગતવારની ચર્ચા નામદાર સુપ્રિમ કોર્ટના **Krishna Janardhan Bhat V/S Dattatraya G. Hegde (2008(0) Cr. LJ 1172), K.Prakashn V/S P.K.Surenderan (2008(1) SCC (Crimes)200) TYF Rangappa V/S Sri Mohan (AIR 2010 SC 1898)** ના ચુકાદાઓમાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલું ગણી શકાય અને ધી નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવુ જરૂરી નથી.

(૧૧) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે Basalingappa Versus Mudibasappa ના ચુકાદામાં પેરા નં ૨૩માં નિચે મુજબ ઠરાવેલ છે.

"We having noticed the ratio laid down by this Court in above cases on Sections 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:-

(i) Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the

accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or the accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence."

(૧૨) નામદાર અદાલતો તેમની સમક્ષ્ રહેલી હકીકતોને ધ્યાને લઇ કેસ લો ની ચર્ચા કરી તેમાં ચોક્કસ સિધ્ધાંત પ્રસ્થાપિત કરે છે. આ સિધ્ાંતો કાયદાની રૂએ પાલન કરવા આ અદાલત પણ બંધાયેલી છે. તેમ છતાં ઓથોરીટીઓમાં ઠરાવેલ સિધ્ધાંતો હાલના કેસના સંજોગો સાથે સુસંગત છે કે કેમ? તે અદાલતે જોવાનુ રહે છે. આ અદાલતની ફરજ છે.

(૧૩) સદર કામે ફરીયાદી તરફથી રજુ કરવામાં આવેલો પુરાવો જોવામાં આવે તો, આંક-૦૪ ના સોગંદનામામાં તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબની હકીકતોને વળગી રહેલ છે જેથી તેનું પુનરાવર્તન ટાળવા માટે અહી ફરીથી તેનો ઉલ્લેખ કરવાની જરૂરીયાત જણાતી નથી. બચાવપક્ષ દ્વારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં, ફરીયાદીએ કબુલ રાખેલ છે કે, સદર ફરીયાદમાં આરોપીને કયા એગ્રીમેન્ટ ક્રમાંકથી લોન આપેલી તે જણાવેલ નથી. આરોપીને કેટલા હપ્તા કેટલા સમયમાં લોનના ભરવાના છે તે પણ ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદીને આરોપીના વકીલશ્રી દ્વારા તમે કયા વર્ષમાં કયા વાહનની લોન આપેલી પુછેલ. જેના જવાબમાં ફરીયાદી જણાવે છે કે, સને ૨૦૧૫ માં તુફાન પેસેન્જર ગાડીને લોન આપેલી. વધુમાં ફરીયાદીને તમો લોન એગ્રીમેન્ટ આ કામે રજુ કરશો તેવુ પુછતા તેઓએ હા પાડેલ છે. આ લોનના નાણાં મેળવવા માટે અગાઉ કેસ કરેલો તે કેસ નં.૨૦૫૬/૨૦૧૯ થી કેસ કરેલો છે. એ હાલ તેઓ કહી ના શકે કે તે સમયે કેસ દાખલ કર્યો ત્યારે કેટલી લોન બાકી હતી. તેઓની સંસ્થા દ્વારા ક્રિ.કેસ નં. ૨૦૫૬/૨૦૧૯ માં આરોપી સામે તા.૦૪/૦૯/૨૦૨૧ ના રોજ જે.એમ.એફ.સી. કોર્ટ, લુણાવાડા ખાતે ચેકની રકમના પુરેપુરા નાણાં ભરપાઇ થઇ ગયેલ છે. ચોકકસ તારીખ જણાવેલ નથી. નિ.૮/૨ થી રૂા.૩,૩૦,૦૦૦/– નો ચેક રજુ કરેલો છે જે રજુ દાખલ આંક-૫૪ આપવામાં આવે છે. નિ.૮/૩ શ્રી રામ ફાયનાન્સના અધિકારી ફરીયાદ દાખલ કરવા માટે પાવર ઓફ એટર્ની કરી આપેલો છે જે રજુ દાખલ આંક-૫૫ આપવામાં આવે છે. નિ.૮/૪ માં ફરીયાદીની નિલેશભાઇ જેઠાભાઇએ વિડ્રો પુરસીસ આપેલ છે અને તેમાં તેમની સહી છે તથા વકીલશ્રીની પણ સહી છે. સદરહુ દસ્તાવેજને આંક-૫૬ આપવામાં આવે છે. સાહેદ જણાવે છે કે, તેમાં ચેક પેટેના નાણાં મળી ગયા છે તેવુ લખેલ છે. ફરીયાદીને નિ.૮/૫

જેમાં આંક-૧ લગત હુકમ રજુ કરેલો છે જેમાં નામ. કોર્ટે આરોપીને સમાધાન થતા કોઇ લેવડ-દેવડ રહેતી ના હોય સદર કામ માંડવાળ કરી ફેસલ કરવામાં આવેલ છે તેવુ પુછતા તેના જવાબમાં નામ.કોર્ટે કરવામાં આવેલ હુકમની જાણ નથી પરંતુ વિડ્રો પુરસીસમાં બતાવ્યા પ્રમાણે ચેક પેટેના નાણાં મળતા સદર કેસ નં.૨૦૫૬/૨૦૧૯ વિડ્રો કરવામાં આવ્યો હતો તેવુ જણાવે છે. હાલની ફરીયાદમાં જુની ફરીયાદ વિશે કોઇ ઉલ્લેખ કરેલો નથી. આરોપીએ ઓફીસમાં તેઓને ચેક આપેલા. આ ચેકના નંબર તેઓને યાદ નથી. ત્રણ ચેકમાં ફરીયાદીનુ નામ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની પહેલી તથા બીજી એબીસીડીમાં લખેલ છે કે કેમ તે તેઓ કહી શકે નહી. રકમો પણ પહેલી તથા બીજી એબીસીડીમાં લખેલી છે. નોટીસમાં ફરીયાદી તરીકે તેઓની સહી નથી. તેઓને વિન્ડો સ્લીપ રજુ કરેલ છે તે કોમ્પ્યુટરાઇઝ છે. કોમ્પ્યુટરાઇઝ સ્લીપ કયા કોમ્પ્યુટરથી કાઢી આપી તે લખેલુ નથી. વિન્ડો સ્લીપમાં પોસ્ટ માસ્ટરના સહી સીકકા નથી. આ કામે આરોપીના સહી સીકકા વાળી એકનોલેજમેન્ટ રજૂ કરવામાં આવેલ નથી. આ કંપની તમામ હિસાબો લેખીતમાં રાખે છે. આ હિસાબો નું સી.એ દ્વારા ઓડીટ કરવામાં આવે છે. અગાઉ કરવામાં આવેલ ફરીયાદ મુજબ રકમ ભરેલ હોવા છતાં એન.ઓ.સી. આરોપીને આપેલ નથી. અગાઉ કરવામાં આવેલ ફરીયાદ નં.૨૦૫૬/૨૦૧૯ અને હાલની ફરીયાદમાં વાહન ફોર્સ તુફાન નં.જીજે–૦૯–ઝેડ-૬૮૫૨ નો જણાવેલ છે.

પુરાવાનું મૂલ્યાંકન :-

(૧૪) નેગો.ઇ.મેન્ટ એકટના કાયદાની કલમ ૧૩૮ વંચાણે લેતા ચેકના લખનારે તે જે બેન્ક એકાઉન્ટ મેઇનટેઇન કરતો હોય તે બેન્ક એકાઉન્ટમાં થી કાયદેસરના લ્હેણા પેટે ચેક અથવા તો કાયદેસરની જવાબદારી અદા કરવા ચેક આપેલ હોવો જોઇએ. આ ચેક ત્રણ મહીનાની સમય મર્યાદાની

અંદર રજુ થયેલ હોવો જોઇએ. ચેક બેન્કે અપુરતા નાણા ભંડોળના કારણે વણ ચુકવ્યો પરત કરેલ હોવો જોઇએ. ચેક પરત ફર્યા તારીખ થી ૩૦ દિનની અંદર ચેકના ધારણકર્તા એ ચેકના લખનારને માંગણા નોટીસ આપેલ હોવી જોઇએ. આ નોટીસ આરોપીને મળી ગયે થી દિન ૧૫ ની અંદર ચેકનો લખનાર ચેકની રકમ ચુકવવા નિષ્ફળ ગયેલ હોવો જોઇએ. ૧૫ દીવસનો સમય વીત્યા બાદ દિન ૩૦ ની અંદર ચેકના યથાનુ ક્રમ મુજબ ધારણ કરનારે ચેકના લખનાર વિરૂધ્ધ યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં ફરીયાદ દાખલ કરેલ હોવી જોઇએ. આ કામે વધુમાં નેગો.ઇ.મેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેક લખનારે ચેક કાયદેસરના અવેજ પેટે આપેલ હશે તેવુ ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઇ પણ છે. આ અનુમાનનુ ખંડન કરવાના પ્રાવધાન બાબતે વિગત વાર ચર્ચા અગાઉ આ જજમેન્ટમાં કરવામાં આવેલ હોવાની બીજી કોઇ વધુ ચર્ચા ફરી થી અત્રે કરવામાં આવતી નથી. આ કામે આરોપી તરફે જે ઉલટ તપાસ અને દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તે જોતા, આ કામે ફરીયાદી ફાયનાન્સ કંપનીને ચેકની રકમ ચુકવી આપવામાં આવેલ હતી આવી રકમ અંગે આ કામના ફરીયાદીએ અગાઉ જે કેસ દાખલ કરેલો હતો તે કેસ નં. ૨૦૫૬/૧૯ દાખલ કરેલો હતો. તેમજ આંક-૫૪ વાળા ચેક નં.૦૦૪૦૬૫ માં પણ રૂા ૩,૩૦,૦૦૦/– નો જ ઉલ્લેખ કરેલો હતો. વધુમાં આંક-૫૫ થી રજુ કરવામાં આવેલ પાવર ઓફ એટર્ની રજુ કરેલ છે જેનાથી ફરીયાદીને આરોપી વિરૂધ્ધ ફરીયાદ કરવાનો અધિકાર આપેલ હોવાનુ જણાય આવે છે તેમજ આંક-૫૬ થી વિડ્રો પુરસીસ રજુ કરેલ છે. જેના પરથી જણાય આવે છે કે સદર ચેકના નાણાં કંપનીને મળી ગયેલ હોય સદર ચેક પેટે કોઇ નાણાં લેવાના રહેતા ન હોવાનું જણાવેલ વધુમાં નિ.૮.૫ થી આંક-૧ લગત હુકમ કરવામાં આવેલો જેમાં એવુ દર્શાવવામાં આવેલ છે કે ફરીયાદી અને

આરોપી વચ્ચે સમાધાન થઇ ગયેલ હોય જેથી કોઇ લેવડ-દેવડ રહેતી ના હોવાનું અને આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલાનું જણાય આવે છે આ ચુકાદો તે કેસ પુરતો પક્ષકારોને બંધનકર્તા છે. આ હુકમ મુજબ ક્રીમી. કેસ નં ૨૦૫૬/૧૯ ના કેસ પુરતુ જ સમાધાન થયેલ ગણી શકાય. આ વીડ્રો પુરસીસ માં લોન એકાઉન્ટ ની બાકી રહેતી રકમ તેવો ઉલ્લેખ કરવામાં આવેલ નથી. આ કામે આરોપી તરફે જો સીકયોરીટી પેટે ચેક આપેલા હોય તો તે નાણા ચુકવતા અગાઉ આરોપીએ ફાયનાન્સ માં થી તે ચેકો પરત મેળવી લેવા જોઇતા હતાં તથા કોઇ જ લોનની એમાઉન્ટ બાકી નથી તે મતલબનુ પ્રમાણપત્ર પણ મેળવી લેવુ જોઇતુ હતું. નેગો.ઇ.મેન્ટ એકટની કલમ ૧૧૮ મુજબ ચેકમાં લખવામાં આવેલ તારીખ બાબતે લખવામાં આવેલ તારીખે જ ચેક આપવામાં આવેલ હતો તેવુ અનુમાન કરવામાં આવેલ છે તેનાથી વિરૂધ્ધનુ સાબિત કરવાની જવાબદારી આરોપીની જ છે.

(૧૫) આ કામે આરોપી તરફે કરવામાં આવેલ રજુઆત જેવી કે વાહનનો નંબર અને લોન એકાઉન્ટ નંબર એકજ છે પરંતુ સાથો સાથ એ હકીકતની પણ અદાલત નોંધ લે છે કે આંક ૩૧ થી રજુ કરવામાં આવેલ આરોપીની લોનનુ ખાતાના ઉતારાની નકલ જોતા તેમાં પ્રથમ પાને જ ૩,૩૦,૦૦૦/- લોનની રકમ બતાવવામાં આવેલ છે અને વ્યાજની રકમ રૂા ૧,૪૪,૨૧૧/- એક લાખ ચુમાંળીસ હજાર અલગ થી બતાવવામાં આવેલ છે. આમ ફરીયાદ નં ૨૦૫૬/૨૦૧૯ એ માત્ર મુદ્લ રકમની ચુકવણી પેટે આપવામાં આવેલ ચેક હતો જયારે હાલનો ચેક આરોપીએ વ્યાજની રકમ ચુકવવા આપેલ છે. આ વ્યાજની રકમ વસુલ કરવા ઉપર કાયદાની કોઇ બંધન છે તેવુ આરોપી બતાવી શકેલ નથી. આમ, હાલની ચેકની ફરીયાદમાં જે ચેક

આપવામાં આવેલ છે તે કાયદા મુજબની લ્હેણી રકમ કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેમ કહી શકાય તેમ નથી.

નેગો.ઇ.મેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ચેક સ્વીકારનારે ચેકના લખનારને ચેક રીર્ટન થયા બાબતની તેની લ્હેણી રકમની ડીમાન્ડ નોટીસ આપવી જરૂરી છે. તે સીવાય ફરીયાદ દાખલ થઇ શકે નહી. આ ગુનાનુ કોગ્નીઝન્સ લેવા માટે મહત્વની શરત છે. આ શરતનુ પાલન થયેલ છે કે નહી તે હકીકતનો નિર્ણય કરવા માટે રજુ કરવામાં આવેલ પુરાવાની ચર્ચા કરીએ તો:--

આ કામે તમામ આવશ્યક શરતોનુ કાયદાની જોગવાઇઓ મુજબ સખ્તાઇ થી પાલન થવુ જરૂરી છે જો આવુ પાલન ન થાય તો તેનો લાભ આરોપીને મળવાપાત્ર થાય છે. આ કામે આંક ૪ થી ફરીયાદીએ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં ઉપરોકત તમામ બાબતોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લઇએ તો આંક-૩૭ થી ૪૭ તથા આંક-૩૧,આંક-૬૩ અને આંક-૬૪ ના પુરાવામાં તકરારી ચેકો તથા બેન્કે આપેલ રીટર્ન મેમો તેમજ ફરીયાદીએ આરોપીને પાઠવેલ નોટીસ અને તે નોટીસ રજી.પોસ્ટ એડી થી આરોપીને મોકલેલ હોવાની રસીદ, બેંકનુ સ્ટેટમેન્ટ વગેરે રજુ થયેલ છે. જેમાં આંક-૩૯, આંક-૪૧ તથા આંક-૪૩ વાળા ચેકો ફરીયાદીના નામના લખવામાં આવેલા છે અને સદર આંક-૪૦, આંક-૪૨ તથા આંક-૪૪ થી રજુ થયેલ રીટર્ન મેમો વંચાણે લેતા ઉપરોક્ત આંક-૩૯ વાળો ચેક તે ખાતામાં પુરતુ ભંડોળ નહી હોવાના કારણે તેમજ બાકીના બે આંક-૪૧ અને આંક-૪૩ વાળા ચેક એકાઉન્ટ ફ્રીઝ/બ્લોક ના કારણે અનુક્રમે તારીખ : ૧૦/૦૧/૨૦૨૩, તારીખ :૧૩/૦૧/૨૦૨૩ અને તારીખ :-૨૩/૦૧/૨૦૨૩ ના રોજ પરત કરવામાં આવેલ હોવાનું જણાય છે.

ત્યારબાદ આંક-૪૫ વંચાણે લેતા ફરીયાદીએ આરોપીને રજી.પો.એડી થી નોટીસ આપેલ હોવાનું જણાય છે. તેમજ આંક-૬૩ થી પોસ્ટ માસ્તરશ્રી ને આપેલ લેખિત અરજીની રીસીવ કોપી તેમજ આંક-૬૪ થી પોસ્ટ માસ્તરશ્રી – લુણાવાડાનાએ આપેલ લેખિત પ્રમાણપત્ર રજુ રાખેલ છે.

(૧૬) આ કામે આરોપીને ફરીયાદમાં જણાવેલ નોટીસ તેના સરનામે પહોંચી ગયેલ છે તેવુ અનુમાન જનરલ કલોજીસ એકટની કલમ ૨૭ વંચાણે લેતા ઉભુ થાય છે. આ કામે નોટીસ બાબતે સવાલો આરોપી તરફે પુછવામાં આવેલા છે તેના જવાબમાં ફરીયાદીએ એ હકીકતો સ્વીકારેલ છે કે નોટીસમાં તેમની સહી નથી. પોસ્ટમાસ્ટરના સહી સીકકા ટ્રેક રીપોર્ટ માં નથી આરોપીની સહી વાળી એકનોલેજમેન્ટ ફરીયાદી એ રજુ કરેલ નથી. આ સવાલો ઉપર થી આરોપીએ તેઓને નોટીસ મળેલ તેવી હકીકત લાવવા માં આવેલ છે. તેમ છતા, ફરીયાદીએ ઉલટ તપાસ બાદ સહી સિકકા વાળા ટ્રેક રીપોર્ટ અને પ્રમાણપત્ર આંક ૬૪ થી રજુ કરવામાં આવેલ છે ત્યાર બાદ આરોપીએ સરનામા બાબતનો પુરાવો રજુ કરવાનો થાય છે જે રજુ કરેલ ન હોઇ જનરલ કલોજીસ એકટની કલમ ૨૭ મુજબના અનુમાન નુ ખંડન થતુ નથી તેમ ઠરાવવામાં આવે છે.

આમ, આ કામે ફરીયાદપક્ષ તેમનો નેગો.ઇ.મેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની જોગવાઇઓમાં જણાવવામાં આવેલ આવશ્યકતાઓ પુરવાર કરવામાં સફળ થયેલ હોઇ મુદ્રા નં ૧ નો જવાબ હકારાત્મક આપી મુદ્રા નં ૨ સજાના મુદ્રે સાંભળવા સારૂ મુલ્તવી રાખવામાં આવે છે.

પી.સી. સોની

તા. ૭/૦૪/૨૦૨૬ એડી. ચીફ. જયુડી. મેજી.

લુણાવાડા

સાંભળ્યા,

ફરીયાદી તરફે રજુઆત છે કે આ કામે ફરીયાદપક્ષ તેમનો કેસ સફળતાથી પુરવાર કરેલ છે લાંબા સમય બાદ ફરીયાદીના નાણા આવતા હોઇ આરોપીને પુરેપુરી સજા કરવા વિનંતી છે.

આરોપી તરફે રજુઆત છે કે આ કામે આરોપી ગરીબ માણસ છે એક વખત નાણા ભર્યાનુ રેકર્ડ ઉપર છે જેથી આરોપીને સજા ન કરતા માત્ર દંડની રકમ નો હુકમ કરવા વિનંતી છે.

બન્નેપક્ષો ની રજુઆત ધ્યાને લેતા હાલના ગુના સબબ આરોપીને બે વર્ષ સુધીની સજા અને દંડની જોગવાઇ છે. હાલ ના કેસમાં આરોપીની ઉંમર તથા, નાણા ભરેલ હોવાની હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

-::હુકમ::-

(૧) આરોપી યશવંતસિંહ ભેરવસિંહ પુવાર,ધંધો–ખેતી અને વેપાર, રહે. બાપુ ફળીયું,મુ.પો. ઠકોરના નાદ્રા, તા.કડાણા, જી.મહીસાગર નાઓને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ ૧૩૮,૧૩૯,૧૪૨ અનવ્યે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૫(૨) મુજબ તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીને નેગો.ઇ.મેન્ટ એકટ ના ગુના સબબ છ માસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

(૩) આરોપીએ હુકમ ની તારીખ થી ૩૦ દિનની અંદર ચેકની રકમ વળતર તરીકે ચુકવવી જો ન ચુકવે તો વધુ ૧ માસની સાદી કેદની સજા ભોગવવી.

(૪) આરોપીને સજા કરવામાં આવતી હોઇ ક્રીમી. પ્રો. કોડની કલમ ૩૬૩ મુજબ એક નકલ વિના મુલ્યે આપવી.

હુકમ આજ રોજ તા.૭ મી માહે એપ્રીલ સને, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાચી સંભળાવી જાહેર કરવામાં આવે છે.

તા.૦૭/૦૪/૨૦૨૬
સ્થળ-લુણાવાડા

(પી.સી.સોની)
એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
મુ.લુણાવાડા, જી.મહીસાગર
જજ કોડ-જીજે ૦૦૮૪૮